RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 7 * Issue No. 296* Date: 23.08.2021 Monday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

## હોલમાર્ક યુનિકIDના અવ્યવહારુ અમલ સામે જ્વેલર્સની સોમવારે એક દિવસની હડતાળ

મુંબઈ , તા. ૨૧

ગોલ્ડ જ્વેલરીના ફરજિયાત હોલમાર્કિંગની સાથોસાથ હોલમાર્ક યુનિક આઈડેન્ટિફિકેશન નંબરના અવ્યવહારુ અમલ સામે દેશભરના જ્વેલર્સ ૨૩ ઓગસ્ટના રોજ એક દિવસની હડતાળ પાડશે. દેશભરના ૩૫૦ સંગઠનો તથા ફેડરેશન્સે આ હડતાળને ટેકો આપ્યો છે એમ ઓલ ઈન્ડિયા જેમ એન્ડ જ્વેલરી ડોમેસ્ટિક કાઉન્સિલના સુત્રોએ જણાવ્યું હતું.

દેશમાં ૧૬ જુનથી ફરજિયાત ગોલ્ડ હોલમાર્કિંગ તબક્કાવાર રીતે અમલી બનાવાયું છે. પ્રથમ તબક્કામાં ૨૮ રાજ્યો તથા કેન્દ્રશાસિત પ્રદેશોના ૨૫૬ જિલ્લાઓમાં આ નિર્ણય લાગુ કરાયો છે. હોલમાર્ક યુનિક આઈડેન્ટિફિકેશન નંબરનો અમલ અવ્યવહારુ છે. સરકાર આ મુદ્દે સમિતિઓ બનાવીને માત્ર બેઠકો યોજી રહી છે પરંતુ ચોક્કસ નિર્ણય લેતી નથી એમ કાઉન્સિલના સુત્રોએ જણાવ્યું હતું. સરકાર સમય પસાર કરી રહી છે.

જ્વેલર્સ નવા હોલમાર્ક યુનિક આઈડેન્ટિફિકેશન નંબરનો સ્વીકાર નહીં કરે કારણ કે તેને ગોલ્ડની શુદ્ધતા સાથે સંબંધ નથી. નંબરિંગ એ સમય માગી લેતી પદ્ધતિ છે અને હાલની સ્પીડે તથા હોલમાર્કિંગ કેન્દ્રોની સંખ્યાને જોતા જ્વેલર્સ નવા હોલમાર્ક યુનિક આઈડેન્ટિફિકેશન નંબર માટેની કવાયત પૂરી કરવામાં લાંબો સમય નીકળી શકે છે. હાલની હોલમાર્કિંગ પ્રક્રિયામાં ઢીલને કારણે હજારો ટન્સ સોનુ નિષ્ક્રીય હાલતમાં પડી રહ્યું છે. હોલમાર્ક પ્રશ્ને જ્વેલર્સ સામે ફોજદારી કાર્યવાહી એટલે ઈન્સ્પેકટર રાજને આમંત્રણ આપવા જેવું છે. ઈન્સ્પેક્ટર રાજ ફરી આવશે તો જ્વેલર્સે પોતાની વેપારધંધા બંધ કરી દેવાની ફરજ પડશે એમ કાઉન્સિલના સુત્રોએ વધુમાં જણાવ્યું હતું. જ્વેલર્સ નવા હોલમાર્ક યુનિક આઈડેન્ટિફિકેશન નંબર સાથેના ઘરેણાંની વેચાણ સાંકળમાં દરેકે દરેક પક્ષો એટલે કે ઉત્પાદકોથી લઈને અંતિમ ગ્રાહકની વિગતો પૂરી પાડવાની રહેશે જે શકય ઔનહીં હોવાનો જ્વેલર્સ ઉદ્યોગ દ્વારા દાવો કરાયો છે.

## અમદાવાદ એરપોર્ટની સુરક્ષા-મુસાફરોની સલામતીમાં વધારો કરાશે

અમદાવાદ, તા. ૨૧

દેશમાં સૌથી વ્યસ્ત એરપોર્ટમાં સાતમો ક્રમ ધરાવતા અમદાવાદના સરદાર વલ્લભભાઇ પટેલ એરપોર્ટ ખાતે પેસેન્જર ફૂટફોલની સાથે ફલાઇટોની અવર-જવરમાં વધારો થયો છે. જેના પગલે અમદાવાદ એરપોર્ટની સુરક્ષા અને મુસાફરોની સલામતીમાં વધારો કરવાનો નિર્ણય લેવાયો છે. જેના પગલે અમદાવાર એરપોર્ટ ખાતે સીઆઇએસએફના જવાનોની સંખ્યા ૮૫૦થી વધારીને ૧૪૦૦ કરાશે. અમદાવાદ એરપોર્ટમાં સીઆઇએસએફના જવાનોની સંખ્યા વધારીને બમણી કરાઇ હોય તેવું પ્રથમ વાર બન્યું છે.

અમદાવાદ એરપોર્ટ અને રન-વેની આસપાસ રહેઠાણવાળો વિસ્તાર હોવાથી સુરક્ષાને લઇ અનેક ગંભીર પ્રશ્નો ઉપસ્થિત થાય છે. આમ ટમનલ અને રન-વે પર કોઇ શંકાસ્પદ મુવમેન્ટ ઉપર પણ વોચ રાખવા માટે સુરક્ષા વધારવામાં આવી રહી છે. હાલમાં અમદાવાદ એરપોર્ટ પર ત્રણ શિફ્ટમાં કુલ ૮૫૦ જેટલા સીઆઇએસએફના જવાનો તૈનાત છે હવે આ ફોર્સમાં વધારો કરીને ૧૪૦૦ જેટલા કરવામાં આવશે. જે સંલગ્ન દિલ્હી હેડકવાર્ટરથી મંજૂરી પણ આવી ગઇ છે. અમદાવાદ એરપોર્ટના બહાર સરદાર પટેલના સ્ટેચ્યુથી લઇ અને અંદર તમામ જગ્યા પર સીઆઇએસએફની ટીમ ૨૪ કલાક હોય છે. સિક્યોરિટી હોલ્ટ એરિયા, એરપોર્ટના પ્રવેશ પર, રન વે પર વોચ પોઇન્ટ, વ્હીકલ ગેટ, કાર્ગો ગેટ અને ટમનલની બહાર સહીત તમામ જગ્યાઓ ઉપર જવાનો ૨૪ કલાક તેમની ડ્યુટી મુજબ ફરજ બજાવી રહ્યા છે.

હાલમાં ટમનલમાં કોઇ આવન જાવન કરતાં શંકાસ્પદ મુસાફરોના લગેજ ખોલાવી સીઆઇએસએફની ટીમ ડોગ સ્કોવોર્ડ દ્વારા ચેક કરે છે. ઉપરાંત રન-વેની દિવાલ પરથી કોઇ અજાણ્યો વ્યક્તિ ઘુસી ન જાય તેનું ખાસ ધ્યાન રાખવા માટે વોચ ટાવર ઉભા કરી મોનીટરીંગ કરવામાં આવે છે. આ ઉપરાંત હાઇ એલર્ટ હોય ત્યારે પણ સીઆઇએસએફને વધારી દેવામાં આવે છે. થોડા સમય પહેલા રન-વે પર નીલ ગાય ઘુસી જતા દોડધામ મચી હતી. આમ હવે અમદાવાદ એરપોર્ટની સુરક્ષામાં વધારો કરાશે.

સીઆઇએસએફના એક ઉચ્ચ અધિકારી એ કહ્યું છે કે 'અમદાવાદના ડોમેસ્ટિક એરપોર્ટ પર પ્રતિદિન ૧૫૦ જેટલી ફલાઇટોમાં ૧૦ હજાર મુસાફરો આવનજાવન કરે છે. હવે અમદાવાદ એરપોર્ટનું ખાનગીકરણ થતા આગામી સમયમાં મુસાફરો વધવાની સાથે આંતરરાષ્ટ્રીય ફલાઈટો પણ શરૂ થશે તો હાલમાં ડોમેસ્ટિક ફલાઇટોની સંખ્યા ૧૫૦ છે જે વધીને પ્રતિદિન ૨૦૦ થઇ જશે આમ એરટ્રાફિક સાથે પેસેન્જરોનો ટ્રાફિક બમણો થશે તો સ્વભાવિક રીતે મુસાફરોની સલામતી પણ એટલી મહત્વની છે.તેમણે વધુમાં ઉમેર્યુ કે 'વીવીઆઇપી મુવમેન્ટમાં પણ વધારો થયો હોવાથી એરપોર્ટ પર સીઆઇએસએફની સંખ્યા વધારવી જરૂરી છે જેનો અમે સર્વે કરી અદાણીને સુપરત કર્યો હતો,જેની મંજૂરી મળી ગઇ છે. હવે આગામી સમયમાં અમદાવાદ એરપોર્ટ પર સીઆઇએસએફની સ્ટ્રેન્થ ૧૪૦૦ પર પહોંચી જશે. '

### કોંગ્રેસ દ્વારા ઉત્તરાખંડમાં ચાર તબક્કામાં પરિવર્ત યાત્રા યોજવાની જાહેરાત

## ભાજપને રાજકીય લાભ માટે હિન્દુ શબ્દને હાઈજેક કરવા નહીં દેવાય:હરીશ રાવત

નવી દિલ્હી, તા. ૨૧

દેશમાં પર્યટન સ્થળો માટે જાણીતા ઉત્તરાખંડમાં આગામી વર્ષની શરુઆતમાં વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે ત્યારે કોંગ્રેસ અને ભાજપ વચ્ચે હવે પ્રચાર માટેની ગરમા ગરમી શરુ થઈ ગઈ છે.કોંગ્રેસના આગેવાન અને ઉત્તરાખંડના પૂર્વ સીએમ હરીશ રાવતે ભાજપ પર હુમલો કરતા કહ્યુ છે કે, ભાજપને રાજકીય લાભ માટે હિન્દુ શબ્દને હાઈજેક કરવા નહીં દેવાય.ભાજપે હિન્દુઓને માત્ર વોટ બેક્રમાં ફેરવવા માંગે છે અને હું એ થવા નહીં દઉં.આપણે એ ધર્મના અનુયાયી છે જે શાંતિ અને સદભાવને મહત્વ આપે છે.જોકે ભાજપનો ઝુકાવ ધર્મ અને જાતિના નામ પર લોકો વચ્ચે મતભેદો કરાવવાનો છે.

સામાન્ય રીતે ભાજપના કાર્યકરો જય શ્રી રામના નારા લગાવતા હોય છે ત્યારે હરિશ રાવતનુ કહેવુ છે કે, કોંગ્રેસ દ્વારા જય શ્રી ગણેશના નારા સાથે રાજયમાં ચૂંટણી પ્રચારના અભિયાનને વેગ આપવામા આવશે.કોઈ પણ શુભ કામમાં એમ પણ ભગવાન ગણેશને યાદ કરવામાં આવતા હોય છે.તેમની પૂજા કરવામાં આવે છે.એટલે અમે આ નારાને પસંદ કર્યો છે.

આ પહેલા રાવતે કહ્યુ હતુ કે, કોંગ્રેસ સત્તા પર આવશે તો અગાઉ કોંગ્રેસે જે યોજનાઓ લાગુ કરી હતી તેને ફરી લાગુ કરવામાં આવશે.જેમાં મહિલાઓને ગેસ સિલિન્ડર પર ૨૦૦ રુપિયા સબસિડી અને વિધવાઓના પેન્શનને બમણુ કરવાનો સમાવેશ થાય છે.કોંગ્રેસ દ્વારા ઉત્તરાખંડમાં ચાર તબક્કામાં પરિવર્ત યાત્રા યોજવાની જાહેરાત કરવામાં આવી છે.જેની શરુઆત ૩ સપ્ટેમ્બરથી થશે.

## મહારાષ્ટ્રમાં દિવાળી પછી જ સ્કૂલો શરૂ કરાશે : અજીત પવાર

મુંબઇ , તા. ૨૧

મહારાષ્ટ્રમાં દિવાળી પછી જ સ્કૂલો શરૃ કરવાની સૂચના ટાસ્ક ફોર્સ તરફથી આપવામાં આવી છે એવી માહિતી નાયબ મુખ્ય પ્રધાન અજીત પવારે આપી હતી.તેમણે કહ્યું હતું કે ૧૮ વર્ષથી મોટી ઉંમરના કોલેજના વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ કોરોનાની રસીના બંને ડોઝ લીધા હોય એવી કોલેજો શરૃ કરવા બાબત વિચારણા ચાલુ છે, અંતિમ નિર્ણય મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરે લેશે.મહારાષ્ટ્રમાં થોડા વખત પહેલા સ્કૂલો શરૃ કરવાનો નિર્ણય લેવાયો હતો. પરંતુ પછી બે જ દિવસમાં નિર્ણય પાછો ખેંચવામાં આવ્યો હતો. આ બાબતમાં પૂછવામાં આવતા પવારે કહ્યું હતું કે સ્કૂલો શરૃ થવા બાબતે અનેક મતમતાંતર પ્રવર્તે છે. કોરોનાની ત્રીજી લહેરનું જોખમ પણ ઝળુંબે છે. એટલે જ ટાસ્ક ફોર્સે દિવાળી પછી સ્કૂલો શરૃ કરવાની સૂચના આપી છે.કોલેજો શરૃ કરવા બાબત રાજ્ય સરકારની વિચારણા ચાલુ છે. જે કોલેજના વિદ્યાર્થીઓ, પ્રાધ્યાપકો, કર્મચારીઓએ રસીના બે ડોઝ લીધા હોય એ કોલેજ ખોલવાની મંજૂરી આપવાનો વિચાર થઇ રહ્યો છે.

## અફઘાનિસ્તાનની ઘટનાથી શીખો કે સીએએની જરુર શા માટે છે: હરદીપસિંહ પુરી

નવી દિલ્હી, તા. ૨૧

અફઘાનિસ્તાનમાં થયેલા સત્તા પરિવર્તન બાદ કેન્દ્રીય મંત્રી હરદીપ સિંહ પુરીએ એક ટ્વિટ કરીને કહ્યુ છે કે, અફઘાનિસ્તાનની સ્થિતિ બતાવી રહી છે કે, ભારતમાં સીએએના કાયદાની જરુર કેમ છે.

તેમણે ટ્વિટ કરીને કહ્યુ છે કે, સીએએ એટલે કે સિટિઝન એમેડમેન્ટ એકટનુ મહત્વ શું છે.ઉલ્લેખનીય છે કે, આ કાયદા હેઠળ ભારત સરકારે પાડોશી દેશોમાં રહેતી લઘુમતી એટલે કે હિન્દુ, બૌધ્ધ , જૈન, પારસી, ખ્રિસ્તી અને સિખ લોકોને ભારતની નાગરિકતા આપવાની જોગવાઈ છે.હરદીપસિંહ પુરીએ અફઘાનિસ્તાનથી ભારત લાવવામાં આવતા લોકોના અહેવાલને શેર કરતા કહ્યુ તહુ કે, આપણા પાડોશી દેશની ઘટનાઓ અને ત્યાં રહેતા હિન્દુ અને સિખ જે પ્રકારે ખરાબ સમયમાંથી પસાર થઈ રહ્યા છે તે બતાવે છે કે ,સીએએની જરુર કેમ છે.સીએએ હેઠળ સરકારે બાંગ્લાદેશ, પાકિસ્તાન અને અફઘાનિસ્તાનના છ લઘુમતી સમુદાયોના લોકોને ભારતની નાગરિકતા આપવાનો પ્રસ્તાવ મુક્યો છે.

## વડોદરામાં ભેજાબાજે કેનેડામાં નોકરી અપાવવાના નામે યુવાન પાસેથી ૧.૮૦ લાખ પડાવ્યા

વડોદરા , તા. ૨૧

વડોદરા જિલ્લામાં નોકરી અને વિઝા અપાવવાની લાલચ આપીને ૩૧ લાખ રૂપિયાની છેતરપિંડી આચરનાર ભેજાબાજ સામે ડભોઇ પોલીસ સ્ટેશનમાં છેતરપિંડીની ફરિયાદ નોંધાઇ છે. જેમાં ભેજાબાજે કેનેડાના વિઝા અને માસિક અઢી લાખ રૂપિયા પગારની નોકરી અપાવવાની લાલચ આપીને યુવાન પાસેથી ૧.૮૦ લાખ રૂપિયા પડાવ્યા હતા.

ડભોઇના સિંધ્યાપુરા ગામમાં રહેતા રમીઝરાજા નાસીરહુશેન સિંધી(ઉ.૨૩)એ પોલીસ ફરિયાદમાં જણાવ્યું છે કે, ચિંતન ઉર્ફ ચેતન પટેલે અમારી સાથે ઘર જેવો સંબંધ બાંધીને મને કેનેડામાં તેની ઓળખાણ હોવાનું જણાવ્યું હતું અને કેનેડાના વર્ક પરમિટ વિઝા અને કેનેડામાં મહિને અઢી લાખ રૂપિયાના પગારની નોકરી અપાવવાની લાલચ આપી હતી અને મારી પાસેથી ૧.૮૦ લાખ રૂપિયા અને મારો ઓરિજિનલ પાસપોર્ટ લીધા હતા. જે પરત ન આપીને મારી સાથે વિશ્વાસઘાત કર્યો છે.

આ પહેલા ભેજાબાજ ચિંતન ઉર્ફ ચેતન પટેલ સામે પાણીગેટ, જેપી રોડ અને વાઘોડિયા પોલીસ સ્ટેશનોમાં ફરિયાદ નોંધાઇ ચૂકી છે, જેમાં ચિંતને ૩૧ લાખથી વધુની છેતરપિંડી કરી હતી અને પાણીગેટ પોલીસે આરોપી ચિંતનની ધરપકડ કરી હતી. ત્યારબાદ પોલીસે ચિંતનના ૩ સાગરીતોની ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે ટોળકીના સૂત્રાધાર ચિંતન ઉર્ફ ચેતન પટેલ પાસેથી ચાર પાસપોર્ટ અને માર્કશીટો કબજે કરી હતી.

વાઘોડિયા તાલુકા જેસિંગપુરા ગામનો વતની અને હાલમાં એ-૧૮, શ્રી સોસાયટી, પરિવાર ચાર રસ્તા પાસે, વાઘોડિયા રોડ, વડોદરા ખાતે રહેતા ચિંતન ઉર્ફ ચેતન પ્રભુદાસ પટેલ સામે રૂપિયા ૫.૪૫ લાખની છેતરપિંડીની ફરિયાદ પાણીગેટ પોલીસ મથકમાં નોંધાઇ હતી. પાણીગેટ પોલીસે ફરિયાદ થયાના ગણતરીના કલાકો ભેજાબાજ ચિંતન ઉર્ફ ચેતન પટેલની ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી હતી. તે સાથે પોલીસે તેના સાગરીતોની શોધખોળ શરૂ કરી હતી.

ધાબાના લીકેજ કામના સ્પેશ્યાલિસ્ટ
સ્પેશીયલ ઓફર ૫ થી ૧૦ વર્ષની વોરંટી સાથે, એનાથી ભેજ અને લીકેજનું સંપૂર્ણ નાશ.
BM MAGIC WATERPROOFING
9624163945(M)
8690089211(W)
● માર્બલ પેસ્ટ દિવાલ અને સીલીંગને મજબૂત કરવાનું કેમિકલ છે. ● દિવાલ અને સીલીંગને લગાવ્યા બાદ માર્બલ જેવું દેખાય છે. ● માર્બલ પેસ્ટ કરાવ્યા પછી ભેજ આવતો નથી. ● દર વર્ષે કરાવવું પડતું નથી. ૫ થી ૧૦ વર્ષની વોરંટી આપીએ છીએ.
● માર્બલ પેસ્ટ ઘરમાં, ઓફિસમાં તેમ જ દુકાનમાં લગાડી આપવામાં આવશે. ● વરસાદના લીધે થતું ધાબાના લીકેજનું કામ ખાત્રી પૂર્વક કરી આપવામાં આવશે.
કલર કામ પણ ખાત્રી પૂર્વક કરી આપીએ છીએ.
ફક્ત એક જ ફોન કરો અમારો માણસ તમારે ત્યાં આવી જશે.
માર્બલ પેસ્ટ દરેક માર્બલ ડિઝાઈનમાં બનાવી આપીએ છીએ...

### જન્માષ્ટમી સહિતના તહેવારોને ધ્યાને લઇ

## ગરીબ કલ્યાણ હેઠળ ૧.૨૫ લાખ કાર્ડ ધારકોને પાંચમી સુધી અન્ન અપાશે

ગાંધીનગર , તા. ૨૧

આગામી ત્રણથી પાંચ દિવસ સમગ્ર રાજયમાં ભારેથી અતિભાવે વરસાદની આગાહી કરવામાં આવી છે આ ઉપરાંત ચાલુ માસના અંતે જન્માષ્ટમીના પર્વો આવી રહ્યા છે જેને ધ્યાનમાં રાખીને અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ દ્વારા ઓગસ્ટ માસનું અન્ન લાભાર્થીઓ પાંચમી સપ્ટેમ્બર સુધી મેળવી શકશે તેવો નિર્ણય લેવામાં આવ્યો છે. જેના પગલે ગાંધીનગર જિલ્લાના ૧.૨૫ લાખથી વધુ કાર્ડધારકો હવે આગામી પાંચમી તારીખ સુધીઘઉં, ચોખા, તેલ, ખાંડ અને મીઠું સહિતનું અન્ન મેળવી શકશે.કોરોનાના કપરાકાળમાં ગરીબોની હાલત દયનીય બની ગઇ છે આવી સ્થિતિમાં પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના શરૃ કરવામાં આવી છે અને આ રાષ્ટ્રીય યોજના અંતર્ગત ગરીબી રેખાની નીચે જીવતા પરિવારોને રાહતદરે અન્નનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. ત્યારે ચાલુ માસમાં અન્ન મેળવવાની અવધી વધારવામાં આવી છે. આ અંગે ગાંધીનગર જિલ્લા પુરવઠા અધિકારીએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજનાનું વિનામુલ્યે વિતરણ તથા રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા-૨૦૧૩ હેઠળના સમાવિષ્ટ લાભાર્થીઓને જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળનું રાહતદરનું ઓગસ્ટ માસનું વિતરણ ચાલુ છે.હાલ વર્ષાઋતુ તથા રાજયના કેટલાક વિસ્તારમાં ભારે વરસાદની આગાહીને ધ્યાને લઇ તેમજ ચાલુ માસના અંતિમ દિવસોમાં આવતા જન્માષ્ટમીને ધ્યાને રાખીને રાજયના એનએફએસએ હેઠળના સમાવિષ્ટ લાભાર્થીઓ બન્ને યોજના હેઠળના મળવાપાત્ર લાભથી વંચિત ન રહે તે હેતુસર ઓગસ્ટ ૨૦૨૧ના પીએમજીકેએવાય યોજનાનાના ઘઉં તથા ચોખાના વિનામુલ્યે વિતરણની તથા એનએફએસએ-૨૦૧૩ હેઠળના સમાવિષ્ટ લાભાર્થીઓને ઘઉં,ચોખા, ખાંડ, દાળ, તેલ ,મીઠું જેવી આવસ્યક ચીજવસ્તુઓના ઓગસ્ટ માસના વિતરણની મુદત આગામી સપ્ટેમ્બર ૨૦૨૧માસની પાંચમી તારીખ સુધી લંબાવવામાં આવે છે. ગાંધીનગર જિલ્લામાં આ યોજનાનો લાભ સરેરાશ ૧.૨૫ લાખથી વધુ પરિવારો લઇ રહ્યા છે તેમ પણ તેમણે જણાવ્યું હતું.

## ઈસ્લામિક પંરપરાઓનુ પાલન કરો, ચીન

નવી દિલ્હી, તા. ૨૧

દુનિયાના બીજા દેશો જ્યારે પોતાના ડિપ્લોમેટ્સ અ્ને નાગરિકોને અફઘાનિસ્તાનમાંથી પાછા બોલાવી રહ્યા છે ત્યારે ખંધુ ચીન તાલિબાન સાથે દોસ્તી મજબૂત કરવામાં વ્યસ્ત છે.એટલુ જ નહીં ચીને અફઘાનિસ્તાનમાં પોતાના નાગરિકો માટે એક એડવાઈઝરી જાહેર કરી છે અને ચીની નાગરિકોને ઈસ્લામિક રિતી રિવાજોનુ પાલન કરવા માટે સલાહ આપી છે.અફઘાનિસ્તાનમાં ચીનની કોન્સ્યુલેટ દ્વારા નાગરિકોને કહેવામાં આવ્યુ છે કે, અફઘાનિસ્તાનમાં સ્થાનિક સંસ્કૃતિ પ્રમાણે કપડા પહેરવાની અને જાહેર સ્થળોએ એ જ પ્રકારે જમવાનુ રહેશે.ચીને પોતાના નાગરિકોને ભારપૂર્વક અહીંની પ્રથાઓનુ પાલન કરવા માટે આગ્રહ કર્યો છે.સાથે સાથે ચીને પોતાના નાગરિકોને કાબુલ અને અને બીજા અશાંત વિસ્તારોથી દૂર રહેવા માટે પણ ચેતવણી આપી છે.બીજી તરફ અમેરિકન કોન્સ્યુલેટે પણ કાબુલ એરપોર્ટ બહાર ખતરો હોવાનુ જાહેર કરીને અમેરિકન નાગરિકોને એરપોર્ટ તરફ નહી જવા માટે કહ્યુ છે.ચીનને લાગે વળગે છે ત્યાં સુધી ચીને તાલિબાનને માન્યતા આપવાની સાથે સાથે અફઘાનિસ્તાનમાં પોતાનુ પ્રભુત્વ વધારવા માટે સ્પષ્ટ સંકેતો આપી દીધા છે અને તેમાં તેને તેના મિત્ર પાકિસ્તાનનો સાથ પણ મળી રહ્યો છે.

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા:૧૫

રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૮૨૫૩૦૨

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુ: ૦

રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૧૭

ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૮૧૫૦૪૧

# કંઈ કહું તને...



શબ્દના મણકા પરોવી લઉં પછી કંઇ કહું તને,
આ મરમ આ ભેદ પામી લઉં પછી કંઇ કહું તને.
સામટી ઘટના મળે રંગીન પથરાઓ સમી,
ટાંકણું છીણી સજાવી લઉં પછી કંઇ કહું તને.
આ જગતના સંચલન ગૂંચવણ ભર્યા તરતા રહે,
એ રહસ્યોને સમાવી લઉં પછી કંઇ કહું તને.
રાગ જીવતરનો મળે ત્યાં કૌતુકો ધબકે બધાં,
અવનવી ઘટના વધાવી લઉં પછી કંઇ કહું તને.
દમબદમ આ શ્વાસનો વિશ્વાસ રાખ્યો છે હજી
શ્વાસને થોડા તપાવી લઉં પછી કંઇ કહું તને.

**નૈષધ મકવાણા , વડોદરા.**




બુટભવાની મંદિર માં શ્રાવણ માસમાં ભૂદેવો એ શાસ્ત્રોગત વિધિ મુજબ જુની જોનોઈને છેદ આપી નવિ જનોઈ ધારણ કરતા જોવા મળેલ છે



શ્રાવણ માસ ની પૂનમ એટલે રક્ષાબંધન ભાઈ બહેન ના પવિત્ર સંબંધ ના દિવસે બહેન પોતાના ભાઈને રાખડી બાંધી ખોબો ભરીને આશિર્વાદ આપતા હોય છે



સરસ્વતી ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફાર્માસ્યુટિકલ સાયંસિસ, ધણપ, ગાંધીનગર માં બી. ફાર્મ પાંચમા સેમેસ્ટર માં અભ્યાસ કરતી વિધાર્થીનીઓ કાજલ સુથાર અને આયેશા મેમણ એ તા. ૦૮/૦૭/૨૦૨૧ ના રોજ એલ. એમ. ફાર્મસી કોલેજ ખાતે SSIP અંતર્ગત યોજાયેલ PROPOSAL OF GRANं સ્પર્ધા માં સંસ્થા ના અધ્યાપક મિસીસ જીગ્ના તેજસ પટેલ અને ડો. કૌશિક બી. કનાડાના માર્ગદર્શન હેઠળ રૂ. ૭૫ હજાર નું અનુદાન પ્રાપ્ત કર્યું હતું. ઉપરોક્ત વિધાર્થીનીઓ ને કોલેજનું ગૌરવ વધારવા બદલ સંસ્થા વતી પ્રિન્સિપાલ અને સ્ટાફ દ્વારા અભિનંદન પાઠવવામા આવ્યા હતા.

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ

NOG સાહિત્ય સરિતા ગ્રુપ

ન્યૂઝ ઓફ ગાંધીનગર સાહિત્ય સરિતા ગ્રુપ ની " મિત્રતા દિવસ" ની રચનાઓ (ભાગ-૨)

NOG સાહિત્ય સરિતા (૧)

NG. No. -- 39
વિષય - ફ્રેંડશીપ ડે
શીર્ષક -- મિત્ર નામે આપ્તજન
પ્રકાર - અછાંદસ

અડખે પડખે નહિ,અડોઅડ,
પગલે પગલે નહી પણ સાથે,
રણમાં મીઠી વીરડી જેવું!
ભરતડકે પગમાં જૂતા જેવું!
ઠંડીમાં ગરમ રજાઈ જેવું!
ભરવરસાદે માથે છત જેવું!
રડતાં હૃદયને થામી લે એવું!
મહીની મુંઝવણ પામી લે એવું!
હતાશામાં ઝીલી લે એવું!
આંખોની ઉદાસીને હટાવીને!
હસાવવાની ક્ષમતા ધરાવે એવું!
ખુશીઓનાં વમળમાં ફસાવી દે એવું!
સુખ દુઃખમાં પડછાયા જેવું!
પળેપળમાં હોય સર્વત્ર છવાયું!
છે કોઈ?
મિત્ર નામે સ્વજન!

પ્રફુલ્લા "પ્રસન્ના"

---

NOG SS No-0011
સાહિત્ય સરિતા
વિષયઃ- દોસ્તી
બંધારણઃ- ગાલગાગા ગાલગાગા ગાલગા
છંદ- રમલ -૧૯
પ્રકાર-ગઝલ
શીર્ષક-મારો મિત્ર

જિંદગીનો શ્વાસ છે મારો મિત્ર,
હેતનો પર્યાય છે મારો મિત્ર.
મોત આવેતો કદી ના વિખુટા થશું,
એક ભવનો સંગ છે મારો મિત્ર.
જિંદગીનાં હારનો એ નંગ છે,
સંગ કોહિનૂર છે મારો મિત્ર.
સારથી છે જિંદગીનો એ મિત્ર.
કાયમી અણસાર છે મારો મિત્ર,
એ જ આંખોથી બને છે દર્પણ,
ને પલકથી સમજતો મારો મિત્ર.
એ મિત્રની જે અસર બીજી કહું,
જે અધૂરો થઇ જતો મારો મિત્ર.
ભાઇથી વધુ ને સગાથી વધુ થયો,
રોજ બનતો ખાસ એ મારો મિત્ર.

મનોજકુમાર પંચાલ, 'મન' પાલનપુર

---

NOG. SS. NO. 60
વિષય : મિત્રતા દિવસ.
વિભાગ : પદ્ય .
શીર્ષક : મિત્ર એવો હોવો જોઈએ...

એકાદો મિત્ર તો એવો હોવો જોઈએ.....
કે તેને એમ જ ફોન કરી શકાય.
મનની ગમે તે વાત, કંઈ પણ
વિચાર્યા વગર શેર કરી શકાય.
પ્લાન બનાવ્યાં વગર મળી શકાય.
તેની જ ઉપર, તેની જ સામે
હસી શકાય!
ખોટે રસ્તે જતો હોય તો,
કાન ખેંચીને પાછો વાળી શકાય.
સુખનાં તો સાથી ઘણાં મળી રહે,
પણ દુઃખમાં તેને યાદ કરી શકાય.
થઈ હોય ભલેને તકરાર પણ,
તો યે હમરાઝ બનાવી શકાય.
નજીકનાં સ્વજનોની વાતો પણ
જેને બેધડક કહી શકાય.
પ્રેમી, પ્રેમિકા કે ક્રશની વાતો ય
હૈયું ખોલી કહી શકાય.
એકાદ મિત્ર તો એવો હોવો જોઈએ,
જેમાં ખુદનું પ્રતિબિંબ જોઈ શકાય.

ભગવતી પંચમતીયા. 'રોશની'

---

NOG SS NO 004
વિષયઃ મિત્રતા દિવસ
શીર્ષક
મત્રતા ..

ધીરે ધીરે બધુ ભૂલી એક કન્યામાં થી સ્ત્રી બનવું મને ગમવા લાગ્યું .હા લગ્ન પછી સ્ત્રીના મિત્રો બદલાય છે તો સંબંધો પણ બદલાય જાય છે.મિલન ના કુટુંબીઓને અપનાવીને જીવનનાં નવા વળાંકો પર ઉભા રહી જીવન ની શરૂઆત એમ.એની પરીક્ષા આપી વડોદરાનાં ઘરના પ્રાંગણ માં નવજીવન શરૂ થયું.નોકરી તો કરવા દેવાના નહતા,તેથી બંગલાની સાફસફાઈથી શરૂઆત કરી.મિલન ની મેડીકલની દુકાન હતી.મોટાભાઈને ત્યા જમતા હતા ને સ્વ ...થી શરૂઆત કરવાની હતી .નાની મોટી ચીજો ઘરમાં ,હાથમાં થોડી ઘણી કમાણી ને ..પૈસો માંગવા કરતા જે છે એનાથી શરૂઆત.સખી જેવી મોટીબેન ને મોટાભાઈ જેવા બનેવીનો સાથ મળ્યોને રહેવા વિશાળ બંગલો હતો ,પછી જોઈએશું..૧૯૭૭ને મેની ૫મી તારીખ ને નવો જન્મ..એક ગૃહિણીનો જે કાલ સુધી મા- બાપ મિત્રોની હતી તે હવે ગૃહિણી બની ગઈ.

એક સાંજે મિલનની દુકાન પર ડ્રગઈન્સપેક્ટર આવ્યાને ફારમસીસ ઘરે જતો રહ્યો હતો. હુ ઘરે રાહ જોઈ રહી અને મિલનને ફાર્મસીસ વગર દુકાન ચલાવવા માટે દંડ ભરવો પડ્યો.. મારો સ્વ જાગ્યો. મે મિલનને આગળ ભણવાની સલાહ આપી.કામ તો લોઢાના ચણા ચાવવા જેવું હતું.એક મસ મોટું ભાષણ મળ્યું.તુ ભણી એટલે મારે પણ ભણવું આ વાક્ય હૈયા સોસરવું ઉતરી ગયું ..પણ એક ભણતર માટેની લગની ને સ્ત્રી હઠ શું થાય..? આખરે મનમાં રામ જાગ્યાને નવો વળાંક મિલનની જિંદગીમાં આવ્યો.ઈન્ટર સાયન્સમાં સારા ટકા હતા તેથી હિમ્મત કરી ને છ વર્ષ પછી ભણવા માટે મન મનાવ્યું ને તે પણ ફાર્મસીસનો ...અભ્યાસ. અમદાવાદ,કાલીના નેછેલ્લે નાસિકમાં બે વરસના કોર્સ ડીપ્લોમા ફાર્મસીસમાં એડમીશન મેળવ્યું .સુખસાહબીમાં રહેલા ને બિઝનેશમેન ને હોસ્ટેલમાં રહેવાનું . તેના પિતાજીને પત્ની નાસિકથી પાછા આવ્યા ને નક્કી કર્યુ વડોદરાની દુકાન ચલાવવા મારે જવું .પણ કુટુંબમાં ઘણાં એવાલોકોના સ્વમાનને ઠેસ પહોંચી એક સ્ત્રી ના ના એ નજ કરી શકે ને..! દુકાન બંધ થઈ. મિલન પણ હોસ્ટેલમાં ન ફાવ્યું કરી પાછા ફર્યા ..અહી સ્ત્રીનું સ્વમાન ઘવાયું ને નાસિક પાછી ગઈ. ગંગાને કિનારે બેઠી બેઠી વિચારતી હતી શું કરવું? સસરાજી એ કહ્યુ કાંઈ નહિ મુંબઈનાં બિઝનેસમાં બેસી જશે, ભણવાનો હોત તો ત્યારેજ ભણ્યો હોત..?અરે એ તો ઘર વસાવા તૈયાર થયા..પણ કહેવાય છેને રામ રાખે તેને કોણ..તેવું જ થયું . મારા સર નાસિકમાં મળ્યાને માર્ગ બતાવ્યો... ત્રણ ત્રણ મહિના માટે સેનિટોરિયમ મળે છે...ને રસ્તો મોકળો થયો.. મેં નાસિકમાં પતિદેવસાથે રહેવાનું નક્કી કર્યુ. શરત મૂકી બે વરસ સારા મિત્રો થઈ રહીશું .અભ્યાસ પૂર્ણ થયા પછી સંસારની શરૂઆત કરશું.અભ્યાસ કરતાં કરતાં બન્ને સારા મિત્ર બન્યા.બે વરસ સુવર્ણકાળની જેમ "મિત્રતા" માં વિત્યા સંબંધો ગાઢ બન્યા ને મિલન અંતિમ પરીક્ષામાં ગોલ્ડ મેડલ લઈને આવ્યા..જીવનમાં એક ઉત્તમ કાર્ય ક્રિયાનો સંતોષ મળ્યોને એક જીવનભરની મિત્રતા પ્રાપ્ત થઈ...!

આવા હકારાત્મક વલણે જીવન આસાન બનતું ગયું
સાચા મિત્ર મળ્યાં.ત્યારથી આજ દિન સુધી સાચા મિત્ર તરીકે તેઓ દિલમાં વસ્યાં છે..
મુક્ત પંચિકાપ
મિત્ર એટલે એવો સહારો જ્યાં સુખ કરતાં તે,
દુઃખ પૂછે ને ખભો ધરીદે.

જયશ્રી પટેલ

---

NOG SS. NO .0001
વિષય :-- દોસ્તી
પ્રકાર :-- ગદ્ય
શીર્ષક :-- " તુમ્હી હો બંધુ સખા તુમ્હી "

એકવાર એક ટ્રેનમાંથી એક ટિકીટ ચેકરને એક પાકીટ મળ્યું .બહુ જૂનું હતું .એના માલિકને શોધવો બહુ મુશ્કેલ હતું. તેણે પાકીટ ખોલીને જોયું ,અંદર કોઈ નામ કે કાર્ડ નહોતું .થોડા રૂપિયા અને એક શ્રી કૃષ્ણ ભગવાનનો ફોટો હતો . એણે પાકીટ ઊંચું કરીને કહ્યું કે , " આ પાકીટ મને મળ્યું છે જેનું હોય તે નિશાની આપીને લઈ જાય ". એક વૃધ્ધ તરતજ બોલ્યા , " આ મારું પાકીટ છે સાહેબ, અંદર થોડા રૂપિયા અને એક શ્રી કૃષ્ણ ભગવાનનો ફોટો છે ." ચેકરે કહ્યું કે આટલી ખાતરી ના ચાલે .ભગવાનના ફોટા તો બધાય રાખે , તમારો કે તમારી પત્નીનો ફોટો નથી રાખ્યો ? વૃધ્ધે કહ્યું , " સાહેબ એમાં મેં મારો જ ફોટો રાખ્યો હતો પહેલાં , પછી મારા લગ્ન થયાં એટલે પત્નીનો ફોટો રાખ્યો , મારી પ્રેમાળ પત્નીને જોઈને જ હું આખો દિવસ કામ કરતો , થોડા સમય પછી પુત્રનો જન્મ થયો , એટલે પત્નીનો ફોટો કાઢીને પુત્રનો ફોટો મૂક્યો .હવે ધીમે ધીમે કુટુંબ નાનું થતું ગયું .મારાં માતા પિતા ગુજરી ગયાં . પત્ની પણ અવસાન પામી .પુત્રનાં લગ્ન થઇ ગયા એટલે એ પણ જુદો જતો રહ્યો. મેં જેમને જેમને ખરા દિલથી ચાહ્યા એવી એકપણ વ્યક્તિએ મને સાથ ના આપ્યો .

તેથીજ હવે મેં કૃષ્ણ ભગવાનનો ફોટો પાકીટમાં રાખ્યો છે .મને ખાતરી છે કે તેઓ મારો સાથ કદી નહી છોડે .તે બધાને માટે પરમ મિત્ર જ છે .જો મેં શરૂઆતથી તેમને મિત્ર ગણીને તેમનો જ ફોટો પાકીટમાં રાખ્યો હોત તો મારાં જીવનમાં દુઃખ ના આવત .

વૃધ્ધની વાત સાંભળીને ચેકરે તેમનું પાકીટ આપી દીધું અને આગલા સ્ટેશને ઊતરીને એક દુકાને જઈને પુછ્યું કે " તારી પાસે ભગવાનનો ફોટો છે ?"

પ્રદીપ રાવલ " સંચાલક "

---

NOG SS NO - 0037
વિષય - મિત્રતા દિવસ નિમિતે રચના.
વિભાગ - પદ્ય.
શીર્ષક - મિત્રોનો સંવાદ.

"હાથ ફેલાવું,અને હૈયું આપે,
અંતર મનની વાત,
કહ્યાં વિના, જાણી જાય,એ મિત્ર કહેવાય."
મળ્યાં બે મિત્રો ઘણાં વર્ષે,
હતાં દર્દ મનનાં ઘણાં કહેવા..!
કહે, આપણે લંગોટીયા યાર,
તને સાંભળે, બાળપણ...!
હા, શેરીએ મચાવતાં શોર,
હું, કેમ વિસરુ મીઠો કલશોર...!
સંગાથે, નિશાળે જતાં તને સાંભળે,
હા, ગુરુજીને કરતાં મીઠી ચાળી...!
હું, કેમ વિસરુ રે...!
ઝાડવે ઝાડવે ચઢતાં તને સાંભળે,
હા,મધથી મીઠી માની દાટ..!
હું, કેમ વિસરુ રે...!
તું, ગયો મને છોડી તને સાંભળે,
હા, શહેર તરફની દોડ,
હું, કેમ વુસરુ રે...!
તારી વાટમાં વર્ષો ગયાં પચાંસ,
તને, સાંભળે રે...!
હા,ખેચી લાવ્યો મિત્રતાનો દોર,
હું, કેમ વિસરુ રે..!
રહેશું હવે, સદા સંગાથ,
હા,દુનિયા આપણી દોસ્તીની,
ગાસે ગાથાં,કરશું એવું કામ,
દુનિયા ના વિસરે રે......!

હેમલતા દિવેચા.જૂનાગઢ.

---

NOG SS NO : 0079
વિષય મિત્ર
ગદ્ય
શીર્ષક મિત્રતાની વ્યાખ્યા !

પ્રવિણા કડકિઆ મિત્રતાની કિંમત અને કદર કરો. મિત્ર જેવો છે તેવો અતિ સુંદર છે.
મિત્ર રીઝે નહી નારાજ થાય નહી માત્ર સત્ય બતાવે મિત્રથી જીવન જીવવા જેવું બને છે.
મિત્ર આનંદમાં અને દુઃખમાં સહભાગી બને.
મિત્ર સત્ય વક્તા હોય તો કડવાશ પણ મધુરી લાગે, મિત્રનો ગુસ્સો અને પ્યાર બન્ને સમાન લાગે
મિત્ર કદરદાન તેમજ કોપાયમાન થઈ શકે. મિત્રને સમજવાનો ન હોય અનુભવો.
મિત્રની નબળી બાજુના તમે ટેકેદાર બનો
મિત્ર કમાલ કરે બેહાલીમાં સહારો બને.
મિત્ર હા કે ના માં નહી માને, મનાવીને છોડશે. મિત્રતાને ત્રાજવે ન તોલાય.
મિત્ર એ છે જે હમેશા સાથ નિભાવે
મિત્રનું □દય વિશાળ અને સહજ હોય
મિત્ર સંપત્તિ નથી, આપત્તિનો એકમાત્ર કિનારો છે, મિત્ર સાચા અને ખોટાને તરાશે છે.
સાચા મિત્ર મળે તો જીંદગી આબાદ છે.
મિત્ર આદર કે અનાદર નથી ગણકારતો, મૈત્રી મધ્યમાં છે. મિત્રનું એક રૂપ સદૈવ મિત્ર પૈસા ભલે ગમે તેટલા હશે, મિત્રતામાં કુબેર છું.

---

Nog SS no 055
વિષય : દોસ્તી
પ્રકાર : ગદ્ય
શીર્ષક : રોંગ નંબર

આઈન્સ્ટાઈને આ એક સૂત્ર આપ્યું અને દુનિયા જાણે ધન્ય બની ગઈ. કોઈ એનાથી આગળ વિચારી જ ન શક્યું. પણ, પ્રોફેસર સત્યકામ નોખી માટીના બનેલા હતા. એમને બાળપણથી જ આદત હતી, પડકારો ઝીલવાની...અને એમના ભેજા ફ્રાય વિચારોમાં કોઈ શામેલ હોય કે ન હોય એનો લંગોટિયો દોસ્ત અબ્બાસ આઝમી તો સાથે જ હોય....

હા , એ વાત અલગ છે કે સમયના વહેણ સાથે બંને જુદા પડી ગયા. અબ્બાસ તો કોણ જાણે કઈ દુનિયામાં ખોવાય ગયો પણ પ્રોફેસર સત્યકામ એક પછી એક સફળતાના શિખરો ચડતા ગયા.એમની પ્રગલભ વૈજ્ઞાનિક પ્રતિભા તેમને સતત એક મુઠ્ઠી ઊંચેરા ઇન્સાન સાબિત કરતી ગઈ.સમય અને ગતિના પરિમાણો લઈને તેમણે એક નવી જ થિયરી આપી , જેને ' world science organization' ( વર્લ્ડ સાયન્સ ઓર્ગનાઈઝેશન) દ્વારા આકરા પરીક્ષણો બાદ મંજૂર કરાઈ હતી. ' તો Quantem Physics'( ક્વોન્ટમ ફિઝિક્સ ) માં પણ તેમને વૈશ્વિક ફલક પર ભારતનું નામ રોશન કર્યું હતું. હવે, પ્રયોગશાળા જ તેની પત્ની હતી, સાધનો જ તેના સ્વજનો. પરીક્ષણ, પ્રયોગો દરમિયાન પ્રોફેસર સત્યકામ ભૂખ, તરસ ભૂલીને પ્રયોગો કરતા, સતત નવું જ શોધતા રહેતા....વધેલી દાઢી , કડક ચહેરો ,જાડા ચશ્માંમાંથી દેખાતી પાણીદાર આંખો અને ચોળાયેલા કપડાં.... પણ ફક્ત આ જ તેનું વ્યક્તિત્વ ન્હોતું ,આ પ્રીહેજ જ્હૌંહેજં ની પ્રચંડ પ્રતિભા પાછળ એક મૃદુ હૃદય પણ હતું, જે ઘણીવાર કોઈ અકળ એકલતા અનુભવતા , કોઈ સાથી ઝંખતું હતું.

' ભારત રત્ન એવોર્ડ' ની સાથે જ તેમને અચાનક સૌને ચોંકાવનારી નિવૃત્તિ જાહેર કરી.એવોર્ડ ,મીડિયા..... પ્રસિદ્ધિથી ઘેરાયેલા રહેતા પ્રોફેસર અચાનક જ એકાંતવાસમાં ચાલ્યા ગયા. કોઈ જ ન્હોતું જાણતું કે તેઓ અત્યારે ક્યાં છે પણ બ્રહ્માંડમાં અન્ય ગ્રહો પર જીવનની શક્યતાઓ ચકાસવા તેમને માટે નિતાંત એકાંત અનિવાર્ય હતું......

અચાનક એક દિવસ એમના ફોન પર રીંગ વાગી..નંબર અજાણ્યો હતો...ઇન્ડિયાનો તો ન્હોતો જ.... કદાચ...કદાચ.. એ પણ હોય....એમ સમજી વૃદ્ધ આંખોમાં અનેરી ચમક આવી, જાણે અલ્લાદીનનો જાદુઈ ચિરાગ હોય તેવી રીતે ફોન ઊંચક્યો...
"હેલ્લો...કેમ છો?"
આવું સાંભળી જાણે એ ડોસો તો ગાંડાઘેલા થઈ ગયા. " હા....હા.... સારું હો..સારું..." કહી જાણે કૃતાર્થ થઈ ગયા. એક જ ફોનકોલમાં આખો દરિયો જાણે ઉલેચાય ગયો,સામે વાળી વ્યક્તિ મિલનસાર હતી જ , સમજી પણ ગઈ કે કોઈ એકલવાયો પોતાનું સમજી વાત કરે જ જાય છે , તેની જિજ્ઞાસાવૃત્તિ કે પછી માનવતા ... જે ગણો તે ... ફોન કોલ હવે રોજ આવતો....આ સિલસિલો લાંબો ચાલ્યો. પ્રોફેસર સત્યકામ હવે પેલાને મિસ્ટર ઠ કહીને સંબોધતા.... રોજ પોતાના આ અજાણ્યા મિત્રને પોતાની મનની એક એક વાત જણાવતા.

હવે, તેના અગાધ , અકળ મનોસૃષ્ટિમાં પેલા અજાણ્યા દોસ્તનું જ સામ્રાજ્ય હતું . કોઈ જાણતું નહોતું કે જેની સાથે વાત કરે છે તે અજાણ્યો મિત્ર છે કોણ? રોજ અલકમલકની વાતો....જુદી જુદી ચર્ચા... પણ ઓળખાણની વાત નહી જ .. કારણકે પ્રોફેસર સત્યકામ હવે અંદરથી ડરી ગયા કે પોતે કઈ હસ્તી છે તે તેનો અજાણ્યો દોસ્ત જાણી જશે તો ....?? તે પોતાની પ્રસિદ્ધિના બોજ તળે એક જીગરજાન દોસ્ત ગુમાવવા નહોતા માગતા... આ સિલસિલો પ્રોફેસર સત્યકામ ના અંતિમ શ્વાસ સુધી ચાલ્યો.પ્રોફેસર જીવ્યા વૈજ્ઞાનિક તરીકે પણ મર્યા એક શ્રેષ્ઠ દોસ્ત તરીકે.... મિસ્ટર ઠ ...પ્રોફેસરનો એ અજાણ્યો જીગરી દોસ્ત...એક રખડતો જીપ્સી...એટલે કે હું...જે ભૂલથી એમને રોંગ નંબર લગાવી બેઠો હતો, મને જીપ્સી જેવાને કોણ દોસ્ત તરીકે સ્વીકારશે? એવું માની મારા એ અનનોન ઇન્ડિયન દોસ્તને ખોવા ન્હોતો માગતો... એટલે જ કોઈ દિવસ મે પણ ઓળખાણ આપી જ નહી કે પૂછી નહી....

આજે ઇન્ડિયા પાછો ફરું છું , હંમેશા માટે , કારણકે મૃત્યુ પામનાર મારો પરમ મિત્ર આટલો મહાન વૈજ્ઞાનિક હતો તે મને હવે ખબર પડી છે અને તેના જ જણાવ્યા મુજબ તેની અંગત ડાયરીમાં તેના લંગોટિયા દોસ્ત અબ્બાસ નો એક જૂનો ફોટો છે.... તે ફોટો લેવા... મારે જાણવું છે કે અબ્બુ નાના હતા તો કેવા દેખાતા..... સલામ દોસ્ત ...તારા જેવા દોસ્ત સદીઓમાં કોઈ વાર પાકે છે....

શ્રદ્ધા ભટ્ટ,વાપી.

---

NOG/77
વિભાગઃપદ્ય મૌલિક
શીર્ષકઃદોસ્તીનો દસ્તાવેજ

તું બને જીગરજાન દોસ્ત મારો,
બનું હું દોસ્તીનો દસ્તાવેજ તારો.
હરપળ તારી હાજરી
હરખાવે મુજને,
બને ના કોઈપણ
અવેજ તારો.
કરે જો કોઈ
દોસ્તીનું મૂલ્યાંકન,
વધે હંમેશ એમાં કરજ મારો.
હું નથી સર્વાંગ સંપૂર્ણ જરાય,
તું સહે કાયમ
તરજ મારો.
બેરંગી જિંદગીમાં ભરતો તું રંગ,
જિંદગીનાં સંગીતનો
તુજ ષડ્જ મારો.
મારા દુઃખનાં દરદનું સટીક ઓસડીયું દવા
બની મટાડે મરજ મારો.

ઋતંભરા વિશ્વજીત ,ઋત્વિશ્વ

---

મિત્રતા દિવસની શુભકામના

મૈત્રી એટલે રૂંધી નાખે એવી
લાગણીની ભીસ નહી
શ્વાસને મળતી
મબલખ મોકળાશ
એટલે 'મૈત્રી
નિકટતા એટલી
જે દ્રષ્ટિ ધૂંધળી કરી નાખે એ
મૈત્રી નહી.
પુસ્તક અને આંખો વચ્ચેના
અંતરથી ઉદભવતી
સ્પષ્ટતા એટલે 'મૈત્રી !હ્ન
શું 'મૈત્રીહ્ન એટલે ચમકતા
કાગળમાં લપેટાયેલી
મોંઘીદાટ ભેટનો ભાર ?
ના રે ના,
મૈત્રી એટલે તો
સુદામાની પોટલીમાં સંતાયેલી
તાંદુલની હળવાશ,
'ફેસબુકહ્ન ના ફ્રેન્ડ્સ લિસ્ટહ્નમાં વધતા
નામોની યાદથી સીચાતો
'અહમહ્ન મિજાજને
મૈત્રી તો ન જ કહેવાય..
વર્ષો પછી સાવ અચાનક
આંખો પર દબાયેલી
જાણીતી હથેળીએ સર્જેલા
ક્ષણિક અંધકારમાં ઊગતો
કાયમી ઉજાસ એટલે
'મૈત્રી !હ્ન
'ડૂબતાહ્ન ને બચાવવા
કિનારે ઉભા રહી
દોરડુ ફેંકનાર કદાચ
મિત્ર ન પણ હોય
પરંતુ જેના સુધી
પહોંચવાની ઝંખના
હલેસા બની
સામે કિનારે પહોંચાડે
એ તો મિત્ર જ હોય.
બે નદીઓનું
એકબીજામાં ભળી જઈ
અસ્તિત્વ ગુમાવી દેવાની ઘટનાને
મૈત્રીનું નામ ન આપીએ તો ચાલે..
પરંતુ એકબીજાનું
અસ્તિત્વ અકબંધ રાખી,,છેટા છતાંયે સદાનો સંગાથ, જાળવવા ચલબદ્ધ,કિનારા,સાવ સાચા મિત્રો કહેવાય.
ટૂંકમાં
આઘું છતાંયે અંગત
અને અંગત છતાંયે આઘું
એટલે 'મૈત્રી'
અજ્ઞાત

---

NOGSS NO 0015
વિષયઃ-મિત્રતા દિવસ
પ્રકારઃ એકાવનાક્ષરી કાવ્ય
શીર્ષકઃ- દોસ્ત

સદા સાથ આપીને,
દરદ બધા ભુલાવે દોસ્ત.
બાથ ભરી દુઃખને,
મને હંમેશા હસાવે દોસ્ત.
મસ્તીના રંગ ભરી,
મારું જીવન સજાવે દોસ્ત.

મેહુલ ત્રિવેદી,(ઘાયલ મેઘ), ખેરાળી

---

NOG SS.No. 0098
विषय:- मित्रता दिवस।
प्रकार:- पद्य

मित्रता

न फिक्र थी किसी बात की,
ग़रीबी में भी खुश थे,
हम दोस्तों के साथ,
फकीरी में भी खुश थे।
जेबों में सिक्के नहीं,
मुस्कुराहटें भर लाते थे,
हम कहकहों से भरे,
किस्से घर लाते थे।
दो प्यार भरे बोल पर,
बेमोल बिक जाते थे।
सुकून और चैन के,
खजाने से मिल जाते थे।
न थी गलतफहमियां,
न थी शिकायतें।
हो जाए तकरार कभी,
सब भूल गले मिल जाते थे।

न थी गलतफहमियां,
न थी शिकायतें।
हो जाए तकरार कभी,
सब भूल गले मिल जाते थे।
कभी खेलते थे खेल संग
अब तो नचाती है जिंदगी।
जाने कहां गया वो वक्त,
जब दोस्तों के संग बिताते थे।
जब बेफिक्र मुस्कुराते थे........😊
( सभी मित्रों को हृदय की गहराइयों से मित्रता दिवस की हार्दिक बधाई व अनंत शुभकामनाएं।🤝💐)
✍️
लीना शर्मा।
हालोल।

## રક્ષાબંધનના પવિત્ર પર્વએ બહેનોએ રાખડી બાંધી મુખ્યમંત્રીશ્રીને શુભકામના પાઠવી

# "ગુજરાતની સેવા માટે બહેનોના આશિર્વાદ પ્રાપ્ત થતાં ધન્યતા અનુભવુ છું": મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી






રક્ષાબંધનના પવિત્ર પર્વ નિમિત્તે બહેનોએ ગાંધીનગર ખાતે મુખ્યમંત્રીશ્રીના નિવાસસ્થાને ગુજરાતના મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીને રાખડી બાંધી. આ અવસરે મુખ્યમંત્રીશ્રીએ પ્રતિભાવ આપતા કહ્યું કે, "ગુજરાતની સેવા માટે બહેનોના આશિર્વાદ પ્રાપ્ત થતાં હું ધન્યતા અનુભવું છું."

મુખ્યમંત્રીશ્રીએ આ પર્વની પૂર્વભૂમિકા આપતા કહ્યું કે, ભાઈ-બહેનના પવિત્ર સંબંધના આ પર્વ એ બહેનો પોતાના ભાઈને રાખડી બાંધી તેની રક્ષા અને પ્રગતિની કામના કરે છે.

શિક્ષણ રાજ્યમંત્રીશ્રી વિભાવરીબેન દવેના નેતૃત્વમાં મોટી સંખ્યામાં બહેનો મુખ્યમંત્રીશ્રીના નિવાસસ્થાને રાખડીબાંધવા પહોંચી તે શુભ અવસરે મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ તેમના મુખ્યમંત્રી તરીકેના શાસનકાળમાં ભારતીય તહેવારોની જન સહયોગ થી ઉજવણી ની પરંપરાનો શુભારંભ કર્યો હતો, જે આજે પણ જારી છે.

મુખ્યમંત્રીશ્રીએ આ અવસરે ગુજરાતમાં થયેલા વરસાદનો ઉલ્લેખ કરતાં કહ્યું કે, આ પાવન પર્વએ પ્રભુપ્રસાદ તરીકે

થયેલા અમીછાંટણા ખેડૂતો અને મૂંગા પશુઓ-પક્ષીઓને પણ રાહત આપશે.

આ પાવન પર્વએ મંત્રી શ્રી વિભાવરીબહેન દવેએ મુખ્યમંત્રીશ્રીને રાખડી બાંધી શુભકામના વ્યક્ત કરી હતી.

## જામનગરની વિજુને અમદાવાદમાં બીજુ જીવન મળ્યું

# રૂ.૪ લાખનું ઓપરેશન રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત તદ્દન વિનામૂલ્યે કરાવી રાજ્ય સરકારે વિજુનો જીવ બચાવ્યો



ગુજરાત અને દેશના વર્ષે હજારો ભૂલકાઓની હૃદય સંબંધી બીમારી યુ.એન. મહેતા ઈન્સ્ટિટ્યુટ ઓફ કાર્ડીયોલોજી એન્ડ રિસર્ચ સેન્ટર ખાતે દુર કરવામાં આવે છે

જામનગરની દોઢ વર્ષની બાળકી વિજુને અમદાવાદની યુ.એન. મહેતા હોસ્પિટલ ખાતે બીજુ જીવન મળ્યું છે. સિંગચ ગામના ગરીબ પરિવારની બાળકીના હૃદયનું ઓપરેશન રાજ્ય સરકારની રાષ્ટ્રીય બાળ સુરક્ષા કાર્યક્રમ ઇમ્જીદ્ધ યોજના હેઠળ યુ.એન. મહેતા ઈન્સ્ટિટ્યુટ ઓફ કાર્ડીયોલોજી એન્ડ રિસર્ચ સેન્ટર ખાતે નિશુલ્ક કરવામાં આવ્યું છે. ગુજરાત અને દેશના વર્ષે હજારો ભૂલકાઓની હૃદય સંબંધી બીમારી યુ.એન. મહેતા ઈન્સ્ટિટ્યુટ ઓફ કાર્ડીયોલોજી એન્ડ રિસર્ચ સેન્ટર ખાતે દુર કરવામાં આવે છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ગત વર્ષે ઓક્ટોબર માસમાં યુ.એન. મહેતા ઈન્સ્ટિટ્યુટ ઓફ કાર્ડીયોલોજી એન્ડ રિસર્ચ સેન્ટર ખાતે બાળ હૃદયરોગની સારવાર માટે નવીનતમ સુવિધાઓનું ઉદ્ઘાટન કરતાં કહ્યું હતું કે, "ગુજરાતમાં આરોગ્યોદયનો આ અવસર છે." ભારતની સૌથી મોટી કાર્ડિયોલોજી હોસ્પિટલના વર્લ્ડ ક્લાસ ઇન્ફ્રાસ્ટ્રક્ચરને કારણે આરોગ્યોદયનો ઉજાસ ગુજરાતના ખૂણે ખૂણે પથરાઇ રહ્યો છે અને તેમાંથી જામનગર પણ બાકાત નથી. જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના નાના એવા સિંગચ ગામે રહેતા અને સામાન્ય આવક ધરાવતા નારણભાઈ પરમાર પર આભ ફાટી પડ્યું જ્યારે તેમને ખબર પડી કે તેમની દોઢ વર્ષની વ્હાલસોયી દીકરી વિજુના હૃદયમાં કાણું છે અને હૃદયની આ બીમારી એટલી ગંભીર છે કે તે માટેની વધુ સારવાર માટે વિજુને અમદાવાદ ખસેડવી પડશે.

ડ્રાઈવિંગનો વ્યવસાય કરતા વિજુના પિતા નારણભાઈએ જણાવ્યું હતું કે, ×જન્મ પછી વિજુને પેટમાં ડાબી તરફ ખાડો પડતો હતો જેની તપાસ કરાવવા અમે હોસ્પિટલ ગયા હતા. ત્યારે ત્યાં હાજર તબીબે જણાવ્યું કે વિજુના હૃદયમાં કાણું છે અને તાત્કાલિક આ અંગેની સારવાર કરાવવી જરૂરી છે. જેથી અમે વધુ સારવાર માટે ખંભાળિયા ત્યારબાદ જામનગર ખાતેની જી.જી. હોસ્પિટલમાં વિજુની આરોગ્ય તપાસણી કરાવી તેમજ ખાનગી હોસ્પિટલમાં પણ તપાસ કરાવતા ત્યાંથી જણાવાયું કે આ ઓપરેશન માટે ચાર લાખ રૂપિયાનો ખર્ચ થશે. આ સાંભળતા અમારા પગ નીચેથી જાણે જમીન સરકી ગઈ. અમદાવાદ રહેતા અમારા એક સંબંધીએ અમને રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ હેઠળ સંદર્ભ કાર્ડ કઢાવવાની સલાહ આપી. આ કાર્ડના કારણે અમારે એકપણ રૂપિયાનો ખર્ચ કરવો પડ્યો નહીં અને આવવા જવાના મુસાફરીના ભાડા સાથે સરકારે અમને તદ્દન વિનામૂલ્યે આ ઓપરેશનની વ્યવસ્થા કરી આપી અમારી વિજુનો જીવ બચાવ્યો×

જામનગર આરોગ્ય વિભાગ ખાતેથી સંદર્ભ કાર્ડ કઢાવી યુ. એન. મહેતા ઈન્સ્ટિટ્યુટ ઓફ કાર્ડીયોલોજી એન્ડ રિસર્ચ સેન્ટરનો નારણભાઈએ સંપર્ક કર્યો. હોસ્પિટલે તરત જ વિજુને એડમીટ કરવાની તારીખ આપી. હોસ્પિટલમાં એડમીટ થતાં જ વિજુના મેડીકલ રિપોર્ટ્સ, નિદાન અને ઓપરેશનની પ્રકીયાઓ આરંભી દેવામાં આવી. બધુ જ એકદમ ઝડપી અને વ્યવસ્થિત થઇ રહ્યું. હોસ્પિટલ તરફથી તમામ સારવાર-સુવિધાઓ નિશુ:લ્ક પુરી પાડવામાં આવી. ઓપરેશનને એક મહીનો વિત્યો છે અને વીજુ હવે એકદમ સ્વસ્થ છે.

આમ બાળકીના હૃદયનુ જટીલ અને મોંઘુ ઑપરેશન રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત તદ્દન વિનામૂલ્યે કરાવી રાજ્ય સરકારે ગરીબ પરીવારની દોઢ વર્ષની બાળકીનો જીવ બચાવ્યો છે.

અત્રે ઉલ્લખનીય છે કે, ગુજરાત અને દેશના વર્ષે હજારો ભૂલકાઓની હૃદય સંબંધી બીમારીઓ યુ.એન.મહેતા ઈન્સ્ટિટ્યુટ ઓફ કાર્ડીયોલોજી એન્ડ રિસર્ચ સેન્ટર ખાતે રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત દુર કરવામાં આવે છે.

ઈન્સ્ટિટ્યુટના માનદ્ નિયામક ડૉ. આર. કે. પટેલ જણાવે છે કે, ગુજરાતના આરોગ્ય તંત્રની આ એક સિદ્ધિ છે કે આપણે ગુજરાત અને ગુજરાત બહારના નવજાત શિશુઓ અને નાના બાળકોની હૃદયની બિમારી દુર કરવા માટે સર્વોત્તમ સુવિધાયુક્ત હોસ્પિટલ આપી શક્યા છીએ.

યુ.એન.મહેતા ઈન્સ્ટિટ્યુટ ઓફ કાર્ડીયોલોજી એન્ડ રિસર્ચ સેન્ટરને નવી ઊચાઈએ લઈ જવા માટે મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલની આગેવાની અને દિશાદર્શનમાં હોસ્પિટલની આરોગ્ય સુવિધાઓમાં સતત ઉમેરો થતો આવ્યો છે.તેઓ આ અંગે વધુમાં જણાવે છે કે, આ હોસ્પિટલને આઇ.સી.સી. હેલ્થકેર એક્સેલન્શ એવોર્ડસ, હોસ્પિટલ ઓફ ધ યર જ્યુરી એવોર્ડ, હેલ્થકેર ડિલવરીમાં શ્રેષ્ઠ હોસ્પિટલ, હેલ્થકેર ગુણવતા નિયંત્રાણમાં શ્રેષ્ઠ હોસ્પિટલ જેવા એવોર્ડ મળી ચૂક્યા છે. તેઓ ઉમેરે છે કે, જામનગરની વિજુની જેમ હૃદયની ગંભીર બિમારી ધરાવતા દર વર્ષે ૧ હજારથી વધુ બાળકોની અહીં કાર્ડિઆક સર્જરી કરવામાં આવે છે. પિડ્રીયાટ્રીશીયન, ઈન્ટેસ્ટવીસ્ટ અને નર્સિંગ સ્ટાફ તદઉપરાંત નિષ્ણાંત તબીબોની ટીમ, દિન-રાત દર્દીઓની સેવા સુશ્રુષા માટે અહીં ખડે પગે રહે છે.

ઉમંગ બારોટ/વિરેન્દ્રસિંહ પરમાર

**ભારતીય જનતા પાર્ટી ગાંધીનગર મહાનગરના અધ્યક્ષશ્રી ઋચિર ભટ્ટ તેમજ બક્ષીપંચ મોરચાના પ્રદેશ અધ્યક્ષશ્રીઉદયભાઈ કાનગડના માર્ગદર્શન હેઠળ આજરોજ મહાનગરના વોર્ડ નં.૮ના બક્ષીપંચ મોરચામાં વિવિધ જવાબદારીઓ માટે સંગઠનાત્મક નિયુક્તિ કરવામાં આવી છે, જેની યાદી નીચે મુજબ છે.**

૧ રાહુલભાઇ પ્રજાપતિ : પ્રમુખ શ્રી રંગ પાર્ક
૨ વિજયકુમાર દેસાઇ : ઉપપ્રમુખ પોર
૩ ગણેશભાઇ ગાંગડીયા : ઉપપ્રમુખ સેક્ટર-૪
૪ ભાવેશભાઇ બ્રહ્મભટ્ટ : મહામંત્રી સેક્ટર-૫
૫ મનોજભાઇ પ્રજાપતિ : મંત્રી સેક્ટર-૫
૬ અલ્પેશકુમાર ચાવડા : મંત્રી પોર
૭ પાર્થભાઇ મોદી : મંત્રી ટી.પી.-૯
૮ લાલભાઇ ઠાકોર : મંત્રી અંબાપુર
૯ સંજયજી ચાવડા : કોષાધ્યક્ષ પોર
૧૦ અલ્પેશપુરી ગોસ્વામી : કો-ઓડિટર હડમતીયા

# સ્વ. શ્રી નરેશ કનોડિયાના સ્વર્ગવાસ બાદ પ્રથમ જન્મજયંતિ નિમિત્તે




### ૨૦ ઓગસ્ટ ૧૯૪૩ના રોજ, ગુજરાત રાજ્યનાં મહેસાણા જિલ્લાના કનોડા ગામે શ્રી નરેશ કનોડિયાનો જન્મ થયો હતો

સ્વ. નરેશભાઇના પત્ની શ્રી રતનબેન ના આશીર્વાદ લઈ એમના શુભ હસ્તે, કનોડિયા પરિવારની ઉપસ્થિતિમાં એમના ગાંધીનગર નિવાસસ્થાને મહાદેવ પ્રોડક્શન એન્ડ ઈવેન્ટસ દ્વારા ★×મહાદેવ મહેશ-નરેશ મ્યુઝીક એવોર્ડ્સ×★ નું પોસ્ટર લોન્ચ કરવામાં આવ્યું.

કનોડિયા પરિવાર ના પનોતા પુત્ર, ગુજરાતી ફિલ્મોના સુપરસ્ટાર અને માન. ધારાસભ્યશ્રી એવા શ્રી હિતુ કનોડિયા, શ્રી મોના થીબા તથા શ્રી સુરજ કનોડિયા તથા અન્ય સભ્યોએ આ ઈવેન્ટ માટે શુભેચ્છા પાઠવી હતી.મહાદેવ પ્રોડક્શન એન્ડ ઈવેન્ટ્સના રાજકુમાર જાની એ પોતે પણ કનોડા ગામના જ વતની હોવાનો ઉલ્લેખ કરી, જણાવ્યું હતું કે ×માત્ર ગુજરાત નહી પણ સમગ્ર ભારતનું ગૌરવ એવા ×શ્રી મહેશ - નરેશ× ને સદાય જીવંત રાખવાનો અમારો પ્રયાસ છે. ગુજરાતના ઈતિહાસમાં આ પ્રકારના આ પ્રથમ એવોર્ડ્સ હશે. જેમાં ફિલ્મ સંગીત, શાસ્ત્રીય સંગીત, સુગમ સંગીત, લોક સંગીત, ઓરકેસ્ટ્રા, વિવિધ પ્રદેશના આલ્બમ, મુંબઈ-ગુજરાતનાં નાટકો, ટીવી સિરિયલ વગેરે તમામ પ્રકારના સંગીત સાથે સંકળાયેલ કેટેગરીઓને આવરી લેવાશે.×

આ પ્રસંગે આ ઈવેન્ટની પરિકલ્પના કરનાર દીપક અંતાણી, ઈવેન્ટના શુભેચ્છક અને સલાહકાર ભાઈ ભાઈ ફેમ રોકસ્ટાર શ્રી અરવિંદ વેગડા, શ્રી પ્રજા (પ્રકાશ જાડાવાલા), શ્રી સુનીલ સુથાર, શ્રી ધવલ સોની તથા અન્ય મહાનુભાવો ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

સંગીતના એવોર્ડ સાથે ×શ્રી મહેશ - નરેશ× નું નામ જોડાવાથી, તેઓનું નામ સંગીતની દુનિયામાં અમર રહેશે એ વિશેષ આનંદ અને ગૌરવની વાત છે. એવો રાજીપો શ્રી હિતુ કનોડિયાએ વ્યક્ત કર્યો હતો અને એવોર્ડસની સફળતા માટે શુભેચ્છા પાઠવતાં જણાવ્યું હતું કે આ એવોર્ડ્સ થકી ગુજરાતી ગીત સંગીત ક્ષેત્રના ઘણા કલાકાર મિત્રોને એક અનોખું પ્રોત્સાહન મળશે.

# અરવલ્લી LCB દારૂ કાંડમાં : સીટએ મોડાસા ટાઉન મહિલા PSI માળીની સઘન પૂછપરછ કરી, LCB PI આર.કે પરમાર જેલના હવાલે

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

સમગ્ર રાજ્યમાં ચકચાર મચાવનાર બહુ ચર્ચીત અરવલ્લી એલસીબી પોલીસ દારૂકાંડની ઘટના પછી ફરાર પીઆઈ આર.કે.પરમાર ૬ મહિના ભૂગર્ભ ઉતરી ગયા પછી હિંમતનગર ડીવાયએસપી કચેરીમાં હાજર થતા તેના બે જુદા-જુદા ગુન્હામાં ત્રણ દીવસના રીમાન્ડ પુરા થતા મોડાસા સબજેલમાં ધકેલી દીધો છે રેંજ આઇજી અભય ચુડાસમાએ સમગ્ર કેસની તટસ્થ તપાસ માટે સાબરકાંઠા ડીવાયએસપી સુર્યવંશીની અધ્યક્ષ સ્થાને સીટની રચના કરવામાં આવી હતી.

હાલ સમગ્ર કેસની તપાસ સાબરકાંઠા ડીવાયએસપી સુર્યવંશી ચલાવી રહ્યા છે ત્યારે હાલ મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા સુખીબેન માળી અગાઉ દારૂકાંડ સર્જાયો ત્યારે એલસીબી પોલીસમાં ફરજ બજાવતા હોવાથી તપાસ માટે બોલાવતા તરહ તરહની ચર્ચાએ જોર પકડ્યું હતું જો કે તપાસ અધિકારી સૂર્યવંશીએ તપાસના ભાગરૂપે તેમની પૂછપરછ કરી હોવાનું જણાવ્યું હતું અરવલ્લી એલસીબી દારૂકાંડમાં સીટના વડા સાબરકાંઠા ડીવાયએસપીએ અગાઉ એલસીબીમાં પીએસઆઈ તરીકે ફરજ બજાવતા અને હાલ મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનના પીએસઆઈ સુખીબેન માળીને જરૂરી નિવેદન મેળવવા સમન્સ પાઠવવામાં આવતા પોલીસ બેડામાં સન્નાટો છવાયો હતો મહિલા પીએસઆઈ માળીને તેડું આવતા પોલીસતંત્રમાં તરહ તરહની ચર્ચાએ જોર પકડ્યું હતું સીટ સામે મહિલા પીએસઆઈ માલી તેમના નિવેદન આપી આવ્યા હોવાની માહિતી પ્રાપ્ત થઇ હતી

અરવલ્લી એલસીબી દારૂકાંડની નિષ્પક્ષ તપાસ માટે સીટની રચના કરવામાં આવી છે સીટના અધ્યક્ષ સાબરકાંઠા ડીવાયએસપી સૂર્યવંશી સાથે મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા મહીલા પીએસઆઈ સુખી બેન માળીને સીટના સમન્સ અંગે ટેલીફોનીક પૂછપરછ કરતા પીએસઆઈ માળી એલસીબી પોલીસમાં ફરજ બજાવતા હોવાથી પૂછપરછ માટે બોલાવ્યા હોવાનું જણાવ્યું હતું અને તેમની કેસને લગતી પૂછપરછ કરવામાં આવી હોવાનું જણાવ્યું હતું

## ગઝલ

**કહ્યું વરસાદ, ને વરસાદ આવ્યો**

**કર્યો જ્યાં યાદ, ને વરસાદ આવ્યો**

**ધરા ભીંજાઈ ગઈ આજે હૃદયની**

**થયો જ્યાં નાદ, ને વરસાદ આવ્યો**

**સવારી નીકળી રંગોની જાણે**

**ગુલાબી યાદ, ને વરસાદ આવ્યો**

**અધૂરા એ સંબંધોની કહાની**

**કહે વરસાદ, ને વરસાદ આવ્યો**

**કર્યો ઉલ્લેખ જ્યાં તારો અમે, ત્યાં**

**મળી ગઈ દાદ, ને વરસાદ આવ્યોસલીમ દેખૈયા**



## શિક્ષકોના સર્વેક્ષણ ( એક્ઝામ ) પાછળ સરકાર શ્રી એ ૮ કરોડ રૂપિયાનો વાપર્યા

# સર્વેક્ષણની ચર્ચામાં શિક્ષકોને રોકી રાખી, શિક્ષણના ખાનગીકરણનું મહાભયંકર ષડયંત્ર

છેલ્લા ૧૦ થી ૧૫ દિવસ માં શિક્ષકો ના જેટલા ગૃપો છે તેમાં સર્વેક્ષણ ના બહાને જે પરીક્ષા યોજાવાની છે તેની ચર્ચા ચાલુ છે. તેની આડમાં ગુજરાત સરકાર શ્રી એ અને પ્રાથમિક શિક્ષણ સચિવશ્રી એ એક ભયંકર ખેલ પાડી દીધો. તેમાં કોઈ શિક્ષકો એ ચું કે ચાં ના કરી અને સરકાર તેના મન્સુબમાં સફળ થઈ ગઈ. ँ માં દરેક તાલુકા દીઠ એક એક્સલન્સ શાળા આપવાની છે. તેની દરખાસ્તો પણ ગાંધીનગર પહોંચી ગઈ. ૨૦૦૦ થી ૫૦૦૦ બાળકોની એક શાળા આપવાનું નોટિફિકેશન અને તેનો જી.આર. અને તાબડતોબ જાહેરાત આપી એન.જી.ઓ.પાસેથી દરખાસ્તો પણ મંગાવી લીધી. હવે તેની મંજૂરી માટે લાખો કરોડોની બોલી લાગશે. હાલ સરકારી શાળા માં એક બાળક દીઠ સરકાર શ્રી અંદાજે ૨૫,૦૦૦ વાર્ષિક ફાળવણી કરે છે. એક્સલન્સ શાળા માં સીધા એક બાળક દીઠ ૬૦,૦૦૦ એન.જી.ઓ ના ખાતામાં ફાળવણી કરશે. ईँ માં માત્ર ૧૦,૦૦૦ સરકાર ચુકવણી કરે છે. જ્યારે આમાં સીધા ૬૦,૦૦૦ કોના બાપની દિવાળી કે કોના બાપનું ગુજરાત. !!!!!!!!!!!!!

ચિંતા અને ચિંતન કરવું હોય તો સ્હેજ આ બાબતે પણ કરો.આના કેવા દુષ્પરિણામો આવશે તે જોઈ લઈએ.

(૧) દરેક તાલુકામાં એક એક્સલન્સ શાળામાં વચ્ચે નો આંકડો લઈ ૪૦૦૦ બાળકો નો પ્રવેશ માની લઈએ તો પણ ૪૦૦૦ ભાગ્યા ૪૦ =૧૦૦ શિક્ષકો ફાજલ થશે.

(૨) હાલ ૩૩ જિલ્લામાં થી ૨૫ જિલ્લામાં ँ ના પ્રશ્નનો છે. તે જિલ્લામાં થી બહારના જિલ્લામાં નોકરી કરવા જવું પડશે.

(૩) આગામી ૧૦ વર્ષ સુધી એક પણ ટેટ કે ટાટ વિદ્યા સહાયક ની ભરતી નહિ થાય..

(૪) કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય માં એક બાળકી દીઠ ૨૫,૦૦૦ ની ગ્રાન્ટમાંથી ૨૦% રકમ ભ્રષ્ટાચાર માં પરત જાય છે. એન.જી.ઓ.ની એક્સલન્સ શાળા માંથી કેટલી રીકવરી થશે. થશે તેની કલ્પના દરેક નાગરિક કરી શકે છે.

(૫)ગાંધીના ગુજરાતમાં દારૂબંધી ના નામે કરોડોનો ભ્રષ્ટાચાર થાય છે. તેના કરતાં મસમોટો ભ્રષ્ટાચાર શિક્ષણ વિભાગ માં ઉભો થશે. નૈતિક મૂલ્યોનું નિકંદન નીકળી જશે.

(૬)એન.જી.ઓ. આટલી બધી ગ્રાન્ટ લીધા પછી પણ તેમાં ભરતી થયેલા શિક્ષકો નું શોષણ કરશે.

(૭) નવયુવાનો નું શોષણ થવાના કારણે સંવિધાન ની શોષણવિહીન સામાજરચના ની વિભાવના નો ગુજરાત સરકાર મૃત્યુઘંટ વગાડશે.

કોઈપણ ભોગે ँ એક્સલન્સ શાળાઓનો વિરોધ જો આજે નહીં કરીએ તો આગામી પેઢી માફ નહીં કરે.

પી.ટી.સી. અને બી.એડ. કરેલા મિત્રો સુધી પણ આ સંદેશો પહોંચાડો. તેઓનું ભવિષ્ય અંધકારમય છે. સડક પર ઉતરે નહીતર નોકરી ની કોઈ વાટ માં ના રહે.

★આ મેસેઝ ને એટલો ફેલાવો કે ગુજરાતમાં એક જનઆંદોલન ઉભું થાય.★



**માલસર.ગજાનન આશ્રમ ખાતે શ્રાવણ સુદ પૂર્ણિમા.જનોઈ બદલવાનો કાર્યક્રમ સાથે જુદા જુદા પ્રાંત માથી આવેલા બ્રાહ્મણો દ્વારા લઘુરુદ્ર પૂજ્ય ગુરુજી અને ઋષિકુમારા દ્વારા સંપન્ન....**

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.